# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

***************************************************

1) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગાંધીનગરમાં 317 કરોડ રૂપિયાનાં ખર્ચે નિર્માણ પામનાર “પેરા હાઈ પરફોર્મન્સ સેન્ટર”નું વર્ચ્યુઅલ ભૂમિપૂજન કર્યું.

2) સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો આજથી શરૂ થશે: નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે મણિપુરનું બજેટ રજૂ કરશે.

3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી હરિયાણા, ચંદીગઢ અને પંજાબની ત્રણ દિવસની મુલાકાતે.

4) ભૂતપુર્વ સેન્ટ્રલ બેન્કર માર્ક કાર્ને કેનેડાના આગામી પ્રધાનમંત્રી બનશે.

5) ભારતે ન્યૂઝીલેન્ડને પરાજય આપીને ત્રીજી વાર ચેમ્પિયન્સ ટ્રોફી જીતીને ઇતિહાસ સર્જ્યો.

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AMIT SHAH PARA HIGH PERFORMANCE

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે ગાંધીનગરમાં આશરે 317 કરોડ રૂપિયાનાં ખર્ચે નિર્માણ પામનાર “પેરા હાઈ પરફોર્મન્સ સેન્ટર”નું વર્ચ્યુઅલ ભૂમિપૂજન કર્યું હતું.

## (BYTE અમિત શાહ , કેન્દ્રીય ગૃહમંત્રી)

દિવ્યાંગજનોમાં રહેલી શક્તિઓને મંચ આપવા આ સેન્ટર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેમ શ્રી શાહે જણાવ્યું. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત દેશમાં સૌથી વધુ સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતું રાજ્ય બન્યું છે અને દરેક ક્ષેત્રે ભારતના દિવ્યાંગજનોનું પરફોર્મન્સ સમગ્ર વિશ્વમાં સૌથી વધુ રહ્યું છે.

આ પ્રસંગે ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ તેમજ ભારત સરકાર હેઠળના કોમન સર્વિસ સેન્ટર વચ્ચે સમજૂતીના કરાર પણ કરવામાં આવ્યા હતા.

# PM MAURITIUS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસની મુલાકાતે મોરેશિયસ પહોંચશે. શ્રી મોદી મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. શ્રી મોદીની મુલાકાતને લઈને મોરેશિયસના લોકોમાં ઘણો ઉત્સાહ છે. ઉલ્લેખનીય છે કે, મોરેશિયસની 70 ટકા વસ્તી ભારતીય મૂળના લોકો છે.

# PARLIAMENT-BUDGET SESSION

સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો આજથી શરૂ થશે. 4 એપ્રિલ સુધી ચાલનારા આ તબક્કામાં 20 બેઠકો હશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે મણિપુરનું બજેટ રજૂ કરશે. ગયા મહિને મુખ્યમંત્રી એન. બિરેન સિંહના રાજીનામા બાદથી આ મણિપુર રાષ્ટ્રપતિ શાસન હેઠળ છે.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, સત્ર દરમિયાન, વર્ષ 2025-26 માટે ગ્રાન્ટની માંગણીઓ અને સંબંધિત વિનિયોગ બિલ પર ચર્ચા અને મતદાન કરવામાં આવશે. બીજા તબક્કા દરમિયાન બેંકિંગ કાયદા (સુધારા) બિલ, કોસ્ટલ શિપિંગ બિલ 2024, ઇમિગ્રેશન અને ફોરેનર્સ બિલ 2025 અને રેલ્વે (સુધારા) બિલ સહિત અનેક કાયદાઓ પર પણ ચર્ચા હાથ ધરીને પસાર કરવામાં આવશે.

# PRESIDENT-HARYANA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી હરિયાણા, ચંદીગઢ અને પંજાબની ત્રણ દિવસની મુલાકાતે રવાના થશે. આજે રાષ્ટ્રપતિ હિસારમાં ગુરુ જંભેશ્વર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે. ત્યારબાદ તેઓ બ્રહ્માકુમારીઓ દ્વારા સંસ્થાની સુવર્ણ જયંતિ ઉજવણી પ્રસંગે રાજ્ય સ્તરીય અભિયાન 'સંપૂર્ણ સુખાકારી માટે આધ્યાત્મિક શિક્ષણ' શરૂ કરશે.
આવતી કાલે રાષ્ટ્રપતિ ભટીન્ડામાં સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ પંજાબ અને એઇમ્સનાં દિક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે. સાંજે તેઓ મોહાલીમાં પંજાબ સરકાર દ્વારા આયોજિત નાગરિક સન્માન સમારોહમાં ઉપસ્થિત રહેશે. બુધવારે તેઓ ચંદીગઢમાં પંજાબ યુનિવર્સિટીના દિક્ષાંત સમારોહમાં હાજર રહેશે.

# MP-TIGER RESERVE

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ આજે વાઘ અને વાઘણને મુક્ત કરીને રાજ્યના નવમા વાઘ અભયારણ્ય - માધવ રાષ્ટ્રીય અભયારણ્યનું ઉદ્ઘાટન કરશે. મુખ્યમંત્રી અભયારણ્યની અંદર 13 કિલોમીટર લાંબી પથ્થરની સલામતી દિવાલનું પણ ઉદ્ઘાટન કરશે.

શ્રી યાદવે કહ્યું કે, શિવપુરી જિલ્લામાં સ્થિત વાઘ અભયારણ્ય વન્યજીવન સંરક્ષણ અને પર્યટનને પ્રોત્સાહન આપશે. તેમણે કહ્યું કે, વન્યજીવન સંરક્ષણના ક્ષેત્રમાં મધ્યપ્રદેશની આ એક મોટી સિદ્ધિ છે. રાષ્ટ્રીય અભયારણ્યમાં હાલ પાંચ વાઘ છે. આજે વધુ બે વાઘ છોડવામાં આવતા તેની કુલ સંખ્યા વધીને સાત થઈ જશે.

એક અહેવાલ પ્રમાણે ભારતમાં સૌથી વધુ 785 વાઘ મધ્યપ્રદેશમાં છે, જ્યારે કર્ણાટકમાં 563 અને ઉત્તરાખંડમાં 560 છે.

# INDIA- KYRGYZSTAN

ભારત-કિર્ગિસ્તાન સંયુક્ત વિશેષ દળોની કવાયત KHANJAR- XII ની 12મી આવૃત્તિ આજથી કિર્ગિસ્તાનમાં શરૂ થશે. 14 દિવસની સંયુક્ત કવાયત આ મહિનાની 23 તારીખ સુધી ચાલુ રહેશે. આ કવાયતનો ઉદ્દેશ્ય શહેરી અને પર્વતીય ઊંચાઈવાળા ભૂ-પ્રદેશમાં આતંકવાદ વિરોધી અને વિશેષ દળોની કામગીરીમાં અનુભવો અને શ્રેષ્ઠ પ્રથાઓનું આદાન-પ્રદાન કરવાનો છે.

આ કવાયત બંને દેશોને સંરક્ષણ સંબંધો મજબૂત બનાવવાની અને આંતરરાષ્ટ્રીય ત્રાસવાદ અને ઉદ્દામવાદની સહિયારી સમસ્યાનો ઉકેલ લાવવાની પણ તક પૂરી પાડશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

## CANADA NEW PM

ભૂતપૂર્વ સેન્ટ્રલ બેંકર માર્ક કાર્ને કેનેડાના આગામી પ્રધાનમંત્રી બનશે, શાસક લિબરલ પાર્ટીએ તેમને પોતાના નેતા તરીકે ચૂંટ્યા છે. તેઓ આગામી દિવસોમાં પ્રધાનમંત્રી તરીકે શપથ લેશે. શ્રી કાર્ને જાન્યુઆરીમાં રાજીનામું આપવાની જાહેરાત કરનારા પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોનું સ્થાન લેશે.

59 વર્ષીય માર્ક કાર્નેએ અગાઉ બેંક ઓફ કેનેડાના ગવર્નર તરીકે સેવા આપી હતી અને 2013 માં બેંક ઓફ ઇંગ્લેન્ડનું નેતૃત્વ કરનારા પ્રથમ બિન-નાગરિક તરીકે ઇતિહાસ રચ્યો હતો. તેમનું નેતૃત્વ એક નિર્ણાયક સમયે આવ્યું છે, જ્યારે ટેરિફના મામલે કેનેડા અને અમેરિકા વચ્ચે સંબંધો તણાવપૂર્ણ બન્યાં છે.

# CRICKET CT FINAL - IND VICTORY PAGE-1

ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને પરાજય આપીને ત્રીજી વાર ટ્રોફી જીતીને ઇતિહાસ સર્જ્યો છે. દુબઇ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ગઈકાલે રમાયેલી મેચમાં લાખો ભારતીય દર્શકોની વચ્ચે ટીમ ઇન્ડિયાએ ચેમ્પિયનને છાજે તેવી રમત દર્શાવી હતી.

રવિન્દ્ર જાડેજાએ વિજયી શોટ મારતા સ્ટેડિયમમાં રોમાંચ અને ઉત્સાહનું વાતાવરણ છવાઈ ગયું હતું. કે.એલ.રાહુલ 34 રને અણનમ રહ્યા હતા, જ્યારે જાડેજાએ ઇનિંગનાં અંતે નવ રનનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલઃ

## <u>(VOICE CAST CRICKET ANJALI)</u>

વિરાટ કોહલી માત્ર એક રનમાં એલબીડબલ્યુ આઉટ થયા હતા. શ્રેયસ ઐયરે 48 રન અને હાર્દિક પંડ્યાએ 18 રન કર્યા હતા.

અગાઉ, ટોસ જીતીને બેટિંગ પસંદ કરતા ન્યૂઝીલેન્ડે મર્યાદિત 50 ઓવરમાં સાત વિકેટે 251 રન કર્યા હતા. ડેરિલ મિચેલે 63 રનનું યોગદાન આપ્યું હતું. માઇકલ બ્રેસવેલે 39 બોલમાં 51 ઝડપી રન કર્યા હતા. ભારત વતી વરૂણ ચક્રવર્તી અને કુલદીપ યાદવે બે-બે વિકેટ ઝડપી હતી. ભારતે ગયા વર્ષે ટી-20 વિશ્વકપમાં વિજય મેળવ્યો હતો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ભારતીય ટીમને ચેમ્પિયન્સ ટ્રોફી જીતવા બદલ અભિનંદન પાઠવ્યા છે. પ્રધાનમંત્રીએ એક્સ પર પોસ્ટમાં લખ્યું કે, એક અસાધારણ રમત અને અસાધારણ પરિણામ, આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ઘરે લાવવા માટે આપણી

ક્રિકેટ ટીમ પર ગર્વ છે. ગૃહમંત્રી અમિત શાહે એક્સ પર પોસ્ટમાં લખ્યું કે, ‘આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં શાનદાર જીત મેળવવા બદલ ટીમ ઇન્ડિયાને અભિનંદન.’

## PCB DUBAI

દુબઇમાં ગઈકાલે રાત્રે રમાયેલી આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં એક પણ પ્રતિનિધિ ન મોકલવા માટે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ-PCBની આકરી ટીકા કરવામાં આવી રહી છે. ભારતે ન્યૂઝીલેન્ડને ચાર વિકેટે હરાવીને ખિતાબ જીત્યો હતો. આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદના અધ્યક્ષ જય શાહ, ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના અધ્યક્ષ રોજર બિન્ની, બોર્ડના સચિવ દેવજીત સાઇકિયા ખેલાડીઓને અભિનંદન આપવા મંચ પર પહોંચ્યા.

પીસીબીના મુખ્ય સંચાલન અધિકારી અને ચેમ્પિયન્સ ટ્રોફીના ટુર્નામેન્ટ નિદેશક સુમૈર અહેમદ દુબઇમાં જ હતા, પણ કથિત રીતે તેમને આમંત્રણ આપવામાં આવ્યું નહોતું. માધ્યમોના  અહેવાલ પ્રમાણે પીસીબીના અધ્યક્ષ મોહસિન નકવી ઇસ્લામાબાદમાં સંસદીય કાર્યોનો હવાલો આપીને દુબઇ નહોતા ગયા. ઝડપી બોલર શોએબ અખ્તરે સોશિયલ મિડિયા પર કહ્યું કે, પાકિસ્તાન તરફથી એક પણ પ્રતિનિધિ ન મોકલવા એ તેમની સમજની બહાર છે.

**અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા**

- **આજના મોટાભાગના અખબારોએ ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની જીતના સમાચાર ઉજવણીની તસવીરો સાથે પ્રથમ પાને મુખ્ય શીર્ષકમાં લીધા છે. દિવ્ય ભાસ્કર લખે છે- આપણે વર્લ્ડ ચેમ્પિયન.. રોમ રોમમાં જીતનો રંગ,ગુજરાત સમાચાર લખે છે-ભારત ચેમ્પિયન ટ્રોફીનું મહારથી:12 વર્ષનો વનવાસ પૂર્ણ. સંદેશે ભારત ચેમ્પિયન હોળીના પર્વ પૂર્વે જ જીતનો રંગોત્સવ ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને ચાર વિકેટે હરાવ્યું આ સમાચારને મુખ્ય શીર્ષક બનાવ્યું છે.નવગુજરાત સમય લખે છે – ભારત ચેમ્પિયન: દેશમાં હોળી અગાઉ દિવાળીની ઉજવણી**
- **સંદેશે મણીપુરના કાંગપોકપીમાં અજંપાભરી શાંતિ,વધારાના સુરક્ષા દળો તહેનાત આ સમાચારને પ્રથમ પાને લીધા છે.**
- **નવગુજરાત સમયે છેલ્લા પાને રાષ્ટ્રીય સ્તરે ડ્રાઈવરો માટે પણ એક કો-ઓપરેટિવ સંસ્થા બનશેના ગૃહ મંત્રી અમિત શાહના નિવેદનને ટાંકીને સમાચાર પ્રકાશીત કર્યા છે.**
- **ગુજરાત સમચારે જૂના શિક્ષકોની ભરતી:અમદાવાદ સહિત રાજ્યના 2 હજાર 260ને ઓર્ડર આ સમાચારને સ્થાનિક પાને સ્થાન આપ્યું છે.**
- **આ ઉપરાંત મોટાભાગના અખબારોએ સંસદના બીજા સત્રનો પ્રારંભ,અમેરિકામાં હિન્દુ મંદિરમાં તોડફોડથી ભારત નારાજ સહિતના સમચારોને આવરી લીધા છે.**
- વુમન પ્રિમિયર લીગમાં આજે મુંબઈના બ્રેબોન સ્ટેડીયમમાં મુંબઈ ઈન્ડિયન સામે ગુજરાત જાયન્ટસના મુલાબલના સમાચાર દરેક અખબારે રમત ગમત પાને પ્રકાશિત કર્યા છે.